


## સલામી સવારની..

*લ્યો! બેન્કોમાં હજી તો જુની નોટો ગણાય છે,*
*ત્યાં ચાલે હજી પથ્થર યુગ એવું જણાય છે,*
*તણાય છે સરકારી બચાવમાં બિચારા -*
*શ્રી ઉર્વિશથી, શિખવે એટલું ભણાય છે.*
*(કોમ્પ્યુટર યુગમાં, રિઝર્વ ગવર્નરનો બચાવ?!)*

હાઈકુ

*નર્મદાજીનું,*
*સંઘ ભંડારમાંથી -*
*થયું લોકાર્પણ!!*
*(પ્હેલાં વહેતી ન્હોતી?!)*

*કોઈ લગનમાં,*
*ફૂટે ફટાકડા તો -*
*કરો ઉત્સવ!!*
*(પારકે પૈસે દિવાળી)*

## ચિંતન

*બહાહૈ બહિ જાતા હૈ, કર ગહે ચહું ઔર ।*
*સમુઝાયે સમુઝે નહીં, દેહું ધકા દુઈ ઔર ॥*

**ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**આ રીતે કેટલાંય અજ્ઞાનીજનો સંસાર સાગરમાં વહી ગયા છે. આ સંસારનો પાર ન પામવાથી બધાં ખિન્ન થઈ જાયે છે. ત્યારે પોતાના બચાવને માટે ચારે તરફ જોતાં - જોતાં વિષયને જ હાથથી પકડી લે છે, પણ એથી તો ઉગરવાની કોઈ આશા જ નથી. કબીર કહે છે, એવા વિષયીજીવો સરળતાથી ન સમજે તો એમને નરક વગેરેનો ભય બતાવીને સમજાવે. યદિ સમજી જાય તો એમનું કલ્યાણ થઈ જશે.**

**ધર્મમાં કર્તવ્ય - ફરજ - નિષ્ઠા ને સરળતાથી - સહજ પણે સમજાવવાં જોઈએ. ઈશ્વર અને પાપનો ભય યોગ્ય નીતિ નથી.**

## સુવિચાર

- મુત્સદ્દીનું હૃદય કાયમ એના માથામાં હોવું જોઈએ - **નેપોલિયન**
- મૌન એ વાણીનું તપ છે, વાણી કયારે સાત્વિક અને સમૃદ્ધ બની શકે? જયારે એ પણ મૌન ને ભગવંત માની ને સેવા કરે ત્યારે જ ને - **એસ. ભટ્ટાચાર્ય**
- અલ્લાહ કરે તારે ગળે ઊતરે આ ઘૂંટડો, ઈન્સાન પરસ્તી જ છે અલ્લાહ પરસ્તી !! - **અમૃત ઘાયલ**
- તૃષ્ણાને ઉખેડીને ફેંકી દેનાર માટે પુર્નજન્મ નથી - **બુદ્ધ**
- 'હું કરીશ' એમ નહિ, પણ 'ઈન્શાલ્લાહ' અલ્લાહની મરજી હશે તો કરીશ' એમ કહો - **કુરાન**
- કર્મમાં જો કર્તાપણું નહિ, તો કર્મ-ફળ પણ નહિ અને પુનર્જન્મ પણ નહિ - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : પાઈનેપલના ટુકડા પર સાકર અને મરી ભભરાવીને ખાવાથી એસીડીટીમાં રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

## બોધકથા

રમણ મહર્ષિ ને એક ભાઈ મળવા આવ્યા. આર્થિક કારણોસર જીવવું મુશ્કેલ થઈ ગયું છે. એવી ફરિયાદ કરી... રોતા રોતા એમણે મહર્ષિને કહ્યું કે હવે તો મરી જવું છે. મહર્ષિ ચૂપ રહ્યા અને જવાબ આપવાને બદલે ખાખરાના પાનમાંથી પતરાળા બનાવવાનું કામ શાંત ચિત્તે કરતા રહ્યા. થોડીકવારમાં દસેક પતરાળા તૈયાર થઈ ગયા અને મહર્ષિએ પેલા ભાઈને કહ્યું, 'ભાઈ, આ પતરાળાને નજીકના ઉકરડામાં નાખીઆવો ને !!' પેલા ભાઈ વિસ્મયપૂર્વક મહર્ષિ સામે તાકી રહ્યા. ને બોલ્યા, 'આ તો નરી મૂર્ખાઈ જ કહેવાય આ નવાને નવા પતરાળા. ઉકરડામાં જ નાખવા હતા તો બનાવ્યા શું કામ ?? રમણ મહર્ષિએ કહ્યું, 'વપરાયા નહીં હોય તેવા પતરાળા ઉકરડે નંખાય નહિં બરાબર ને??' તો પછી વપરાયા વિનાનું જીવન પણ મોતને હવાલે ન કરાય એવું તમે કેમ સમજતા નથી? પ્રભુએ મજાનો માનવદેહ બક્ષ્યો છે. તો સદ્‌ઉપયોગ કરી એને સાર્થક કરવા કટિબદ્ધ બનો ને મરી જવાનો ખ્યાલ મૂકી દો.'

પેલાભાઈને મહર્ષિની વાત સમજાઈ અને વંદન કરી ચાલતો થયો.

# વેંકૈયા નાયડુ : ભાજપનું સાઉથ ઈન્ડિયા કાર્ડ

ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેવદવાર તરીકે યુપીએ દ્વારા 'ગાંધી કાર્ડ' ઉતરાયું તે પછી સ્વાભાવિક રીતે જ એનડીએના ઉમેદવાર કોને બનાવવા એ મુદ્દે ભારતીય જનતા પાર્ટીના હાઈકમાન્ડ ઉર્ફે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે સારી એવી મૂંઝવણ અનુભવી હશે. સંયુક્ત વિપક્ષી ઉમેદવાર તરીકે ગોપાલકૃષ્ણ ગાંધી સામે કોઈ પણ આંગળી ચીંધી શકે એમ નહોતું. શિવસેના જેવી કટ્ટર હિંદુત્વવાદી પાર્ટી અલબત્ત જયારે મહાત્મા ગાંધીને રાષ્ટ્રપતિ તરીકે સ્વીકારવા તૈયાર ન હોય ત્યારે એમના સિદ્ધાંતવાદી અને અહિંસાના અગ્રદૂત સમા પૌત્રને ન સ્વીકારી શકે તે સમજી શકાય એવું છે, પરંતુ ભાજપના બેઉ ગુજરાતી રાષ્ટ્રીય નેતાઓ કે જેઓ ગાંધીજી પ્રત્યે અપાર 'શ્રદ્ધા' ધરાવે છે - એમણે જો વિપક્ષી ઉપરાષ્ટ્રપતિના નામ પર મંજૂરીની મહોર મારી હોત તો મોદીને દુનિયાભરમાંથી વાહવાહી સાંપડી હોત. જો કે એટલું મોટું મન રાજદ્વારી અને પાર્ટીના દાયરામાં પુરાયેલા નેતાઓ રાખે એવી અપેક્ષા વધારે પડતી જ ગણાય. ભારતીય જનતા પાર્ટીએ ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે એના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને વરિષ્ઠ રાજપુરુષ - હાલમાં મોદી મંત્રીમંડળના શહેરી વિકાસ મંત્રી વેંકૈયા નાયડુ પર પસંદગી ઉતારીને વધુ એક ચાણક્ય ચાલ ચાલી નાખી છે. રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ઉત્તરપ્રદેશના વતની, બિહારના રાજયપાલ ઉપરાંત દલિત અને કોળી છે; આ તમામ 'સદ્‌ગુણો' પાર્ટી માટે રાજયો અને લોકસભાની ચૂંટણીમાં ખપ લાગે એવા છે. જો કે રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે નામ જાહેર થયું ત્યાં સુધી રામનાથ કોવિંદનું નામ ઉત્તરપ્રદેશ અને બિહાર સિવાય દેશના પાંચ ટકા નાગરિકો પણ જાણતા હશે કે કેમ એ પ્રશ્ન છે. ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર વેંકૈયા એ દૃષ્ટિએ જોતાં ખૂબ જાણીતા છે. એમનો વિશિષ્ટ હાવભાવવાળો બોખો ચહેરો લગભગ દરેક દેશવાસીએ ટીવી ચેનલો પર પાર્ટીના પ્રવક્તા તરીકે અથવા સક્રિય રાષ્ટ્રીય નેતા તરીકે જોયેલા છે. ખરું જોતાં વેંકૈયાને રાષ્ટ્રપતિ પદ માટે પસંદ કરવા જોઈતા હતા. વરિષ્ઠ નેતાઓની બેલડી સામે બાબરી મુદ્દે અણધારી સીબીઆઈ તપાસ આવી પડી તે પછી બિચારા વડાપ્રધાન અને રાષ્ટ્રીય અધ્યક્ષ એમનાં નામ તો ભૂલથીય વિચારી શકે એમ નહોતા - કદાચ વિચારે તો પણ નીતિમત્તાને વરેલા અડવાણી કે મુરલી મનોહર જોષી સામે ચાલીને ના પાડે. એટલે કે પછીની પેઢીના વરિષ્ઠ નેતાઓમાં વેંકૈયા નાયડુનું નામ રાષ્ટ્રપતિ પદ માટે જરૂર વિચારી શકાયું હોત. કદાચ વિચારાયું પણ હશે, પરંતુ પાર્ટી માટે ઉત્તરપ્રદેશ, ઉત્તર ભારત અને દલિત - કોળીનું સંયોજન ધરાવતા ઓછા જાણીતા ઉમેદવાર હાલની પરિસ્થિતિમાં વધુ ઉપયોગી લાગતાં એમને બીજા નંબરના પદ માટે ગોઠવવાનો નિર્ણય લેવાયો હશે. દક્ષિણ ભારતમાં ભાજપ માટે હજી આજની તારીખે લેવાયો હશે. દક્ષિણ ભારતમાં ભાજપ માટે હજી આજની તારીખે પણ કપડાં ચઢાણ છે. ત્યાં વેંકૈયાની ઉપરાષ્ટ્રપતિ પદની પસંદગી એક સાનુકૂળ મેસેજ બની રહેશે. વળી ઉત્તર ભારત - દક્ષિણ ભારતનું અને દલિત-સવર્ણનું બેલેન્સ પણ જળવાશે. જે રીતે ચૂંટણીમાં પાર્ટી બેઝ પર જ મતદાન થાય છે તે રીતે જોતાં વેંકૈયાજી ઉમેદવારી પત્ર ભરતાંની સાથે જ જીતેલા છે એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી. સૌથી મહત્ત્વની બાબત એ છે કે દક્ષિણ ભારતમાં રાધાકૃષ્ણન્, આર. વેંકટરામન અને કે.આર. નારાયણ જેવા રાષ્ટ્રપતિઓ કોંગ્રેસે આપેલા છે ત્યારે ભાજપ હવે દેશને એ પ્રદેશના ઉપરાષ્ટ્રપતિ આપવા જઈ રહેલ છે. અલબત્ત, વેંકૈયાજીએ રાજયસભામાં અગાઉ ગુજરાતનું પણ પ્રતિનિધિત્વ કરેલ હોઈ આપણને તો હવે એ પોતીકા જ લાગશે. વેંકૈયા નાયડુ અને કોવિંદ - બેઉ પાછા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે પણ સંકળાયેલા હોઈ દેશની આ બેઉ સર્વોચ્ચ બંધારણીય જગ્યાઓ કેસરિયા રંગે રંગાશે, તે પણ એક ઈતિહાસની બલિહારી ગણાશે.

*તંત્રીસ્થાનેથી...*

# પિતામાં પસ્તાવાથી આવ્યું પરિવર્તન




તે એક માં હતી, તેનો પુત્ર હતો. નામ મેહુલ, મેહુલ તેને ખુબ વ્હાલો. તેથી તેને હંમેશા સાથે જ રાખતી અને તેની તમામ જરૂરિયાતોને પુરી કરવામાં પોતાની જાતને સુખી સમજતો હતી. એ રીતે મેહુલ તેનું સર્વસ્વ હતો. મહેલુ પણ માંની વાતને બ્રહ્મવાક્ય સમજી કયારેક તેનું ઉલ્લંઘન કરતો નહીં. તે ભણવામાં ખુબ ધ્યાન આપતો અને દર વર્ષે પ્રથમ વર્ગમાં ઉત્તિર્ણ થતો. કુટુંબમાં કુલ ત્રણ વ્યક્તિઓ હતા. મા, બાપ અને તે, પિતા કાપડની મીલમાં કામ કરતા હતા. માં બિમાર હતી. મેહુલ તેને દવા આપતો. આખી રાત જાગીને તેની સંભાળ લેતો. તેથી દિવસો સુધી તેને આંખનું મટકું માર્યા વિના ઉજાગરા થતા.

એક દિવસ તેની માં ની તબિયત વધારે બગડી.

તેને હોસ્પિટલમાં દાખલ કરી. ડૉકટરે તેને દવા આપી. દવાથી તેને ઊંગ આવી ગઈ, જયારે આંખ ખૂબી ત્યારે તેને મેહુલને જોતાં બોલી પડી.

'બેટા, તું આખી રાત બેસી રહ્યો. ઉજાગરા કરવાથી તારી તબિયત બગડશે.'

'મા તું મારી ચિંતા ના કર. ડૉકટરે ઓછું બોલવાનું કહ્યું છે.'

તેની વાત સાંભળીને તે હંસી પડી અને બોલી, 'ગાંડિયો, હંમેશા મારો જ વિચાર કરે છે.' તેની વાત સાંભળીને મેહુલ એક નજરે જોઈ રહ્યો, પિતા જુના વિચારોના હતા. તે એમ માનતા કે ઘર સંભાળે અને બાળકોને ઉછેરે. તેમને મા બહાર જાય અને લોકોની સાથે હળે મળે એ બિલકુલ ગમતું નહીં તેની પિતા માં ને સમજાવતા પણ મા તેમની વાતોને હવામાં ઉડાળી દેતા. પિતા ગુસ્સાવાળા હતા. તેથી તે બંનેની વચ્ચે ચકમક ઝર્યા કરતી.

એક દિવસમાં રાતે મોડી ઘેર આવી. પિતા માં ને જોઈ તેમની આંખમાં ક્રોધ ભભૂલી ઊઠ્યો. 'આટલી અડદી રાત સુધી તું કયાં હતી ?'

'હું પોલિયોની હોસ્પિટલે ગયેલી. આજ વિકલાંગ બાળકોની શિબિર હતી. દશ વિકલાંગ બાળકોને તેના પગ પર ઊભા કરવામાં આવ્યા. સાચુ કહું તેમને આ રીતે ઊભા રહેલા જોઈ મને ખુબ આનંદ થયો. તમે પણ સમય કાઢીને કયારેક જતા જાય. કેમ કે સેવાથી નરમાં નારાયણ પ્રગટે છે.'

'સાવિત્રી, બકવાશ બંધ કર, મને રોજ રોજનાં તારાં આવા નાટક બિલકુલ ગમતાં નથી.'

તું ત્યાં અપંગોની સેવા કરે અને અહીં છોકરો રાંધે, કચરો વાળે, ઘરનું ધ્યાન રાખે, શું આ બધું બરાબર છે. હું તને છેલ્લીવાર સમજાવું છું. કાલથી તું ઘરની બહાર નહીં જાય.'

'જઈશ, હજાર વાર જઈશ, કેમ કે એ જ જીવનનો ધર્મ છે. તેની વિનાના જીવનની કલ્પના જ ન થઈ શકે.' માં ની આ વાતથી પિતાને ગુસ્સો આવ્યો અને તેમના વચ્ચે ઐતિહાસિક યુદ્ધ છેડાઈ ગયું. પિતા ઘર છોડીને જતા રહ્યા. તેમના જવાથી ઘરની બધી જવાબદારી મેહુલ પર આવી પડી. ધીમે ધીમે આર્થિક ગંભીર થવા લાગી. તેણે પોતાની બચનો ગલ્લો ખોલીને જોયો. તેમાંથી પાંચ હજાર રૂપિયા નીકળ્યા. એ જોઈ તેના ચહેરા પર ચમક આવી ગઈ.

ચાર મહિના પછી માં ને માંદગી ફરી વાર ઘેરી વળી. માંદગીને કારણે તે દુબળી પડી ગઈ. તેને હવે પોતાની સુધબુધ રહેતી ન હતી. તેથી પથારીમાં જ ઝાડો પેશાબ થઈ જતો. મહેલુ તેને સાફસુફ કરી બીજી પથારીમાં સુવડાવતો. માં માંદી હતી. તેની સારવાર કરવી જરૂરી હતી. મેહુલે નજીકના સંબંધીઓનો સંપર્ક કરી માંની માંદગીની વાત કરી. પણ સૌએ પોતપોતાની મુશ્કેલીઓ બનાવી હાથ અદ્ધર કરી દીધા. પોલિયો હોસ્પિટલ વાળા ભાઈ જાત્રાએ ગયેલા હતા. ડૉકટરે ઈલાજનો ખર્ચ દશ હજાર કહ્યો. દશ હજારની વ્યવસ્થા કરવી મુશ્કેલ હતી. એક દિવસ તે ગુમસુમ બેઠો આકાશને જોઈ રહ્યો તેનામાં હિંમત આવી. તેણે પતંગ વેચવાનો ધંધો શરુ કરી દીધો. તે વીસ હજાર રૂપિયા કમાયો. પૈસા આવતા તેણે મા ને દવાખાનામા દાખલ કરી હવે

# જીવનના મૂલ્યની અમૂલ્ય વાત




અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ ''સ્વામીની વાતો''માં કહ્યું છે કે ''દુર્લભમાં દુર્લભ મનુષ્યદેહ છે અને એમાંય દુર્લભમાં દુર્લભ સત્સંગ છે.'' દુર્લભ એટલે શું? દુનિયાની તમામ સંપત્તિ આપી દેવામાં આવે તો પણ જે પ્રાપ્ત ન થાય તેને દુર્લભ કહી શકાય. આજે એકવીસમી સદીમાં જ્ઞાન-વિજ્ઞાનની પ્રગતિ થઈ છે, તેમ છતા દુનિયાનો કોઈ જીવવિજ્ઞાની લેબોરેટરીમાં કૃત્રિમ રીતે માનવદેહ બનાવી શકતો નથી.

આપણી પાસે અમૂલ્ય ચીજ હોય પરંતુ આપણને તેનું મૂલ્ય સમજાતું નથી. આપણને બે આંખનું મૂલ્ય ન હોય પરંતુ જે દૃષ્ટિહીન હોય તેના માટે આંખ અમૂલ્ય છે. તે વિના આંખે પણ આંખોના સપનાં જોતો હોય છે. સમય પણ અમૂલ્ય છે પરંતુ રેતઘડીમાં રેતીની જેમ સરી જતો સમય વીતી જાય પછી જ આપણને તેનું મૂલ્ય સમજાતું હોય છે. વીતેલા સમયને પાછો લાવી શકાતો નથી.

ભગવાન ગૌતમ બુદ્ધના જીવનના પૂર્વાશ્રમનો એક જાણીતો પ્રસંગ છે. રાજપરિવારમાં તેમનો જન્મ થયો હતો. તેમનું મૂળ નામ રાજકુમાર સિદ્ધાર્થ. રાજમહેલમાં ધન-વૈભવ અને નોકર-ચાકર વચ્ચે ઉછરતા રાજકુમાર સિદ્ધાર્થને દુનિયાના ભૌતિક દુ:ખો વિશે કોઈ જ ખ્યાલ નહોતો. એક દિવસ રાજકુમારે મહેલની બહારની દુનિયા જોવા અને નગરચર્યાએ જવાની જીદ કરી. જેવા તેઓ મહેલની બહાર નીકળ્યા કે તરત સામે તેમને એક વૃદ્ધ દેખાયો. કેડેથી વળી ગયેલો, ભુખથી પેટ સંકોચાઈ ગયેલું, હાથ-પગ દોરડી જેવા પાતળા, દેખાવ ચીંથરેહાલ, લંગડાતી ચાલ અને હાથમાં લાકડી.

રાજકુમાર સિદ્ધાર્થે પોતાની સાથેના સેવકને પૂછ્યું કે ''આ માણસની આવી દશા કેમ થઈ છે?''

સેવકે કહ્યું કે ''વૃદ્ધાવસ્થાને કારણે તેની આવી દશા થઈ છે.''

રાજકુમારે વળી સવાલ કર્યો કે ''વૃદ્ધાવસ્થા કેમ આવતી હોય છે?''

સેવકે જવાબ આપ્યો કે ''હે રાજન, જન્મ પછી વર્ષ પ્રતિ વર્ષ માણસની ઉંમર વધે એમ કાળક્રમે તેનામાં વિવિધ રોગ-વિકાર સાથે વૃદ્ધાવસ્થા આવતી જ હોય છે.''

રાજકુમારે કુતૂહલથી પૂછ્યું કે ''શું વૃદ્ધાવસ્થા બધાને આવે?''

**દુનિયાની તમામ સંપત્તિ આપી દેવામાં આવે તો પણ જે પ્રાપ્ત ન થાય તેને દુર્લભ કહી શકાય. એકવીસમી સદીમાં જ્ઞાન-વિજ્ઞાનની પ્રગતિ થઈ છે, છતા કોઈ જીવવિજ્ઞાની લેબોરેટરીમાં કૃત્રિમ રીતે માનવદેહ બનાવી શકતો નથી**

સેવકે કહ્યું કે ''હા, રાજન, દરેક માણસને વૃદ્ધાવસ્થા આવે. રાજા, રંક અને ફકીર સહુ કોઈને આવે. સ્ત્રીને પણ આવે અને પુરુષને પણ વૃદ્ધાવસ્થા આવે.''

રાજકુમાર સિદ્ધાર્થની શાહી સવારી થોડી આગળ વધી કે સામેથી એક અંતિમયાત્રા આવતી રાજકુમારે જોઈ. એક નનામીને ખભે ઊંચકીને ચાર માણસો ચાલી રહ્યા હતા અને પાછળ પાછળ સફેદ કપડાં પહેરીને ઘણા બધા માણસો ''રામ બોલો ભાઈ, રામ...''ના નારા સાથે જઈ રહ્યા હતા.

સમગ્ર દૃશ્ય જોઈને રાજકુમારે પૃચ્છા કરી કે ''આ વળી શું છે?''

સેવકે કહ્યું કે ''મહારાજ, આ અંતિમયાત્રા છે.''

રાજકુમાર બોલી ઊઠ્યા કે ''પણ, એમાં વળી આ માણસને બાંધીને શા માટે અને ક્યાં લઈ જવામાં આવે છે?''

સેવકે જવાબ આપ્યો કે ''હે સ્વામી, માણસ મૃત્યુ પામ્યો છે. આથી તેને નનામી (અર્થી) સાથે બાંધીને સ્મશાને લઈ જવામાં આવે છે. સ્મશાન માણસનું અંતિમધામ હોય છે. જ્યાં સ્વજનો મૃતદેહને મૂકીને સળગાવી દેતા હોય છે. આખેઆખો માણસ મર્યા પછી રાખ યાને માટી થઈ જાય છે. મૃતદેહની રાખ વાસણ ઘસવા પણ કામ આવતી નથી. મોત પછી માણસનું કોઈ મૂલ્ય નથી. ઘરમાંથી પણ મૃતદેહને લઈ જવા સ્વજનો ખુદ કાઢો... કાઢો... એમ કહેતા હોય છે.''

રાજકુમારે પૂછ્યું કે ''શું મોત બધાને આવે?''

સેવકે વિનમ્રતાથી જવાબ આપ્યો કે ''હા, રાજન. મોત બધાને આવે અને બધાના હાલ આવા જ થવાના. મોત અમીર-ગરીબ, રાજા કે રંક, એવા ભેદભાવ રાખતું નથી. જે માણસ જન્મે તેનું મૃત્યુ નિશ્ચિત હોય છે. વન બાય વન, બધા મરવાના.''

રાજકુમારે ચિંતિત થઈને પૂછ્યું કે ''તો પછી મૃત્યુથી ઉગરવાનો કોઈ ઉપાય ખરો?''

સેવક બોલ્યો કે ''મોત કોઈને છોડતું નથી. એમાંથી બચવાનો કોઈ ઉપાય હોય તો એક જ કે ભગવદભક્તિ દ્વારા ભગવાનની પ્રાપ્તિ.''

જીવનનું સત્ય મોત છે એવું બ્રહ્મજ્ઞાન થયા પછી જ રાજકુમાર સિદ્ધાર્થે ગૃહત્યાગ કર્યો. એ પછીની વાત પણ જાણીતી છે કે તેઓએ બોધિ વૃક્ષ નીચે ઉગ્ર તપશ્ચર્યા કરીને બુદ્ધત્વ પામ્યા. ભગવાન બુદ્ધની તપશ્ચર્યા સાથે જોડાયેલું બોધિ વૃક્ષ આજે પણ મોજુદ છે. એ સ્થળનું નામ બોધિગયા છે.

જસ્ટ ટ્વીટ:-

''પુનરપિ જનમમ્ પુનરપિ મરણમ્, પુનરપિ જનની જઠરે શયનમ્, ભજ ગોવિંદમ્ ભજ ગોવિંદમ્, ભજ ગોવિંદમ્ મૂઢ મતે:''

—ગીતા ઉપર શંકરાચાર્ય ભાષ્ય

# વોટ્‌સએપ ડસ્ટબીન...!! આ આર્ટીક્લને દસ વોટ્‌સએપ ગ્રુપમાં ફોરવર્ડ કરો તમને લોટરી લાગશે...!!




'આજે લતા મંગેશકર ૮૬ વર્ષના થાય છે. એમણે ગાયેલા ૮૬ સુપરહીટ ગીતોની એક એક લાઈનો આ ઓડિયો સાંભળો તમે રાજીના રેડ થઈ જશો...' અરે બેન, આ લતાના ગીતો બરાબર છે પણ એમનો જન્મદિવસ ૨૮ સપ્ટેમ્બર ૧૯૨૯ છે, તેઓ ૮૭ વર્ષના છે અને ૮૮મો જન્મદિવસ મનાવશે. આ વીડિયો કે ઓડિયો કદાચ ગયા વર્ષનો હશે. કહેવાની વાત એટલી જ કે આપણા મોબાઈલમાં કંઈક આવે એટલે



એને તરત આગળ મોકલવાની લ્હાયમાં સાચી વાત તરફ દુર્લક્ષ કરીએ છીએ. જરાય તસ્દી લેવાની જ નહીં કે સાચ્ચે આજે લતાનો બર્થ ડે છે કે નહીં?

અત્યારે સોશિયલ મીડિયામાં એવા મુર્ખ, મહામુર્ખ, ડોબાઓ વારે ઘડીયે એમની અક્કલમનું પ્રદર્શન કરીને બીજાના ઈનબોક્સ ઈડિયેટ વસ્તુની ફુલ કરી દે છે. એણાંયે નવું-સવું મફતનું જીઓ કાર્ડ લઈને મેદાનમાં આવેલા તો અત્યાચાર કરે છે. માર્કેટને બિલકુલ નયા હૈ કહીને બબ્બે વર્ષ જૂના જોક્સ માથે મારીને પાછા જલ્દીએ ફોરવર્ડ કરોનો ભલામણ પત્ર પણ સાથે એટેચ કરે છે.

આ છોકરી ખોવાઈ છે, આને એના ઘરે પહોંચાડવા મદદ કરો. હવે આમાં કયાંક કોઈ તારીખનો ઉલ્લેખ નહીં. બની શકે એ છોકરી મળી ગઈ હોય. એકાદ કિસ્સામાં તો એવુંય જોવામાં આવ્યું કે એક છોકરીઓ આમ જ ફોટો ફરતો થયેલો, હવે એ છોકરી કયાંક પણ માર્કેટમાં-સ્કૂલમાં જાય છે તો લોકો એને પાછી પકડીને પોલીસ સ્ટેશન કે ઘરે મુકવા જાય છે. એટલે આ ખોવાયેલા બાળકોના ફોટો અધૂરી વિગત સિવાય ફોરવર્ડ કરવા જોઈએ કે નહીં?

નવજીવન ટ્રેનના ઉથલી પડેલા ડબ્બાના ફોટો મોકલી એ ટ્રેનનો ગમખ્વાર અકસ્માત અત્યાર સુધી અનેકવાર થઈ ચૂક્યો છે. વિમાનની પાંખમાં પંખી અથડાયું કે રનવે પર રખડતી ગાયોના ફોટો ગમે ત્યારે ટપકી પડે છે, અને એની કોઈ ખાત્રી વગર એ તરત આગળ ધડાધડ ફોરવર્ડ થાય છે.

વર્ષ ૨૦૧૭નો સૌથી મોટો ત્રાસ હોય છે તો ૧/૧, ૨/૨, ૩/૩.....૧૨/૧૨ રવિવાર આવે છે. આ વર્ષ ખૂબ લાભદાઈ રહેવાનું છે. અરે ભાઈ તમારા મોબાઈલ, કોમ્પ્યુટર કે દિવાલે લટકતા કેલેન્ડરના પાના ફેરવીને તો જોઈ લો કો આ સાચું છે કે હબંક? પણ ના, બધા કરતાં સ્માર્ટ બનવાની લ્હાયમાં બધામાં મૂર્ખ સાબિત થવાય છે.

હવે શ્રાવણ મહિનો આવવામાં છે, એટલે કોઈ મહાદેવનું શિવલિંગ મોકલી, બે-ચાર બિલીપત્ર ચઢાવેલો ફોટો મોકલી, ૐ નમ: શિવાયના મંત્ર લખી તમારી માની સોગંધ સાથે તમને એ ૫-૧૧-૨૧ જણાને મોકલવા કહેવામાં આવે. અને શ્રદ્ધાળુ પાછા જાણે સાચ્ચે જ કંઈક દૂર્ઘટના બને તો? એવી બીક સાથે ફોરવર્ડ પણ કરે. કોઈની

**એક માણસ હારવાનો, વારતાનાં અંતમાં,**
**હું દિલાસો આપવાનો, વારતાનાં અંતમાં.**
**સોળ આના સાવ સાચી વાત લઈને આવજો,**
**હું, પુરાવો માગવાનો, વારતાના અંતમાં!**
**- દિનેશ કાનાણી 'પાગલ'**

શ્રદ્ધા સામે સવાલ નથી, પણ શું આ ફોરવર્ડ કરવાથી તમને કંઈ ફળ મળે? અને ના મોકલો તો આફત તૂટી પડે, મોબાઈલ ક્રેશ થઈ જાય?

એક મંદિરમાં પૂજારી પૂજા કરતો હતો ત્યાં એક વાંદરો આવ્યો, એણે માણસનું રૂપ લીધું, એ હનુમાનજી જેવો લાગતો હતો. આ ફોટો અને મેસેજ ફોરવર્ડ કરો તમને લોટરી લાગશે. અરે મુરખ તને તો લાગી કે નહીં એ તો કહે? પણ ના, આપણે પાપમાં ન પડાય, હનુમાનજી નારાજ થાય, નેટવર્ક થાય, નેટવર્ક જતું રહે, એટલે ફોરવર્ડ કરવું પડે!

રાજકોટ - બગોદરા હાઈવે પર અકસ્માત થયો છે. દરેક જણ મૃત્યુ પામ્યા છે. એમના ઘરનાનો સંપર્ક કરો. અરે ભાઈ કાર નંબર પરથી એના ઘરની ઘરની વિગતો મળે જ. એમના પાસે રહેલા મોબાઈલમાં છેલ્લે આવેલા - ગયેલા ફોન પરથી પણ તરત જ સંપર્ક થાય. પણ વોટ્‌સએપ પર આ બધું ફરતું થાય, મૃતાત્માનો આત્મા ઠરીઠામ થઈ જાય પણ આ ફોટો અને મેસેજ ભટકડી આત્માની જેમ ફર્યા કરે!

અમુક મહામુર્ખ તો તાજા જન્મેલા બાળકે પીન ગળી લીધી છે, એના ગળામાં પિન ફસાઈ ગઈ છે. ઓપરેશન માટે ૫૦ લાખની જરૂર છે. હવે સાલુ એ નથી સમજાતું કે એ છોકરાના મોંમા પીન ઘાલી કોણે? અને કયા ઓપરેશનના ૫૦ લાખ થાય ભઈલા? પાછું એક વધારાનું ડહાપણ, વોટ્‌સ્એપના તમારા એક મેસેજદીઠ ૫૦ પૈસા વોટ્‌સએપવાળા આવશે!

ઉભા રહો, હજુ હવે સાચા મહામુર્ખોની સવારી આવે છે. તમે આ મેસેજ આગળ ફોરવર્ડ કરો એટલે તમારા મોબાઈલની બેટરી ફુલ ચાર્જ થશે... આ ઘોડો મોકલો એટલે દોડવા લાગશે... આ ભેંશ ફોરવર્ડ કરો એટલે સફેદમાંથી કાળી થશે... આ લોક અને કી આગળ મોકલો એટલે તાળું ખૂલી જશે... ઓ અક્કલના ઓથમીર તારા મગજના તાળાને લોક લાગ્યું છે એ ખોલ, કંઈ વિજ્ઞાનમાં સમજે કે નહીં? પણ ના અમે તો આવા મેસેજ મોકલીશું અને લોકોને હેરાન કરીશું!

રસ્તામાં પડેલી બેગમાંથી માર્કશીટ, પાસબુક, આધારકાર્ડ, લાયસન્સ વગેરે મળ્યું છે. મેસેજ ફોરવર્ડ કરો, કોઈની જિંદગીનો સવાલ છે. અરે ભાઈ! આ ડોક્યુમેન્ટના આધારે એ વ્યક્તિને શોધી જ શકાય છે. એમાં હો હા શેની કરો છો? અમે એ જો પોતાની મહત્ત્વના ડોક્યુમેન્ટ સાચવી નથી શકતો તો તમે તમારું બીપી કેમ વધારો છો? જરૂર પડશે તો ડુપ્લીકેટ કઢાવી લેશે યાર! તમે જલ્સા કરોને, અમારા મોબાઈલમાં તો આવી બબ્બે - ચચ્ચાર ટ્રાયલવાળી માર્કશીટ ના મોકલાવો!

આ મેસેજ બધા ગ્રુપમાં મોકલો, ફટાફટ, તરત, ફાસ્ટ (જાણે સારી દુનિયાકા બોજ મેં ઉઠાતા હું) જો કયારેક તો ઐશ્વર્યા મરી જાય, દિપીકા ભાગી જાય, સલમાન લગન કરી લે એવા મેસેજ તો આવ્યા નથી કે જોતાજોતામાં ફરી વળે, એ મેસેજ દીપીકાને મળે ત્યારે ખબર પડે કે એ ભાગી ગઈ છે! જો આ બધા પૈકી કોઈ લક્ષણ તમારામાં હોય તો તમારી અલ્પ બુદ્ધિનો પરિચય આપી વોટ્‌સએપ પર આવા ફાલતું મેસેજ મોકલી તમારા અને બીજાના સમયની પત્તર ફાડશો નહીં. કારણ વગરની પોસ્ટ મોકલી બીજાના મોબાઈલ અને વોટ્‌સએપને ડસ્ટબીન બનાવશો નહીં!

અત્યારે એક એ પણ ટ્રેન્ડ છે ફ્રી રિચાર્જ, ફ્રી ટી શર્ટ, અનલીમીટેડ ઈન્કમ, નરેન્દ્ર મોદી તરફથી કન્યાદાન, કુળદેવીની આણ, સાંઈબાબાનો પ્રકોપ, અજમેર દરગાહનો ચમત્કાર, પાપા કો ચાહતે હો તો ફોરવર્ડ કરો, કલ્યાણ થશે, પનોતી આવશે... આવું બધું ફોરવર્ડ ન કરાય એટલી કોમનસેન્સ તો જોઈએ ને? કોને ટી-શર્ટ મળી? કોનું રિચાર્જ થયું? કયારેક તો ચેક કરો? કએક રૂપિયામાં પેન ડ્રાઈવ અને અઢીસોમાં મોબાઈલ કેટલાને મળ્યો ? આ સ્કિમના મેસેજ ફોરવર્ડ કરવાથી?

એક વાત યાદ રાખો ભગવાન વોટ્‌સએપ નથી વાપરતાં, અમે ડાયરેક્ટ દીલ સે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ. અમે મા-બાપની સેવા જાતે કરીએ છીએ. મેસેજ ફોરવર્ડ કરવાની એમની બિમારી મટે નહીં એ અમને ભાન પડે છે. અણે પરસેવાની કમાણીથી રિચાર્જ, મોબાઈલ, કપડાં બધું લઈએ છીએ. આ જમાનામાં કોઈ મફત ચા પણ ના પાય, એમાં લેપટોપ - જીન્સ મફતમાં? મેસેજ ફોરવર્ડ કરવાથી મળે? શું કામ આવા મેસેજ ફોરવર્ડ કરીને મોબાઈલ - વોટ્‌સએપને ડસ્ટબીન બનાવો છો? પરાણે મેસેજ કરવાથી કોઈ ભગાન રાજી નહીં થાય, એટલુ યાદ રાખજો!

ચૂંટલો : મોબાઈલમાં આવતાં કચરો મેસેજ અને ઢગલાબંધ ફોરવર્ડેડ મેસેજ ટાળવા આ આ આર્ટીકલ દસ જણને વંચાવો, નહીં વંચાવો તો કોઈ તમારું કશું ખરાબ નહીં કરે, પણ જો વંચાવશો તો કદાચ તમારાં મોબાઈલમાં આવતાં કચરો મેસેજ ઘટવાની લોટરી લાગી શકે છે! ફાલતું - ફોરવર્ડેડ મેસેજ અટકાવવાની અવેરનેસ સમાજસેવાનો જ ભાગ છે!